Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 7
Chapter : 2
Name : _______________

## પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 30
Roll No. : ____________

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.** (Marks - 3)

1. નીચેના પૈકી જટિલ પદાર્થ કયો છે?
   A. ગ્લુકોઝ B. કાર્બોદિત C. પાણી D. એમિનો એસિડ
2. અમીબા ખોરાક પકડવા માટે શેનો ઉપયોગ કરે છે?
   A. ખોટા દાંત B. ખોટા પગ C. અન્નનળી D. અમાશય
3. નીચેનામાંથી કયું પ્રાણી સેલ્યુલોઝનું પાચન કરી શકે છે?
   A. મનુષ્ય B. કૂતરો C. ગાય D. બિલાડી

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો.** (Marks - 3)

4. ખોરાકના જટિલ ઘટકોની સરળ સ્વરૂપમાં રૂપાંતરણની પ્રક્રિયાને ............. કહે છે.
5. નાના આંતરડાની અંદરની દીવાલમાં ઘણા આંગળી જેવા પ્રવર્ધો આવેલા છે, જેને .......... કહે છે.
6. ................ ખોરાકને અન્નધાનીમાં ફસાવે છે.

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.** (Marks - 3)

7. સ્ટાર્ચનું પાચન જઠરમાં થાય છે.
8. ઘાસ ખાનાર પ્રાણીઓ ઘાસને ઝડપથી ગળી જાય છે અને નિરાંતના સમયે ફરી પાછું મોંમાં લાવી બરાબર ચાવે છે.
9. જઠરમાં પ્રોટીનનું અંશતઃ પાચન થાય છે.

**Q - 1 (D) જોડકા જોડો.** (Marks - 2)

10. કૉલમ I (ખોરાકના ઘટકો) માં આપેલી વિગતોને કોલમ II (પાચનની પેદાશો)સાથે જોડો

| | | |
|---|---|---|
| 1. | કાર્બોદિત. | (a) ફેટિ એસિડ અને ગ્લિસરોલ |
| 2. | પ્રોટીન. | (b) શર્કરા |
| 3. | ચરબી | (c) એમિનો એસિડ |

**Q - 1 (E) નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો.** (Marks - 4)

11. દાંતના પ્રકાર કેટલા હોય છે ? કયા કયા ?
12. માત્ર ઉત્તર આપો :ખોરાકને વલોવવાનું કાર્ય કોણ કરે છે?
13. પિત્તરસનું કાર્ય શું છે?
14. પાચનતંત્રનાં સહાયક પાચન અંગો કયાં કયાં છે ?

**Q - 2 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો.** (Marks - 6)

15. અમીબા અને મનુષ્યના પોચનમાં એક-એક સામ્યતા અને જદાપણું સમજાવો.
16. જઠરની રચના સમજાવો.
17. કારણ આપો: કેટલીકવાર આપણને જમ્યા પછી ઊલટી થાય છે.

**Q - 3 નીચેના પ્રશ્નોનાં સાત આઠ વાક્યમાં ઉત્તર આપો.** (Marks - 9)

18. પ્રયોગ : આપેલ પ્રાણીઓના ખોરાક અને ખોરાક ગ્રહણ કરવાની પદ્ધતિનો અભ્યાસ કરવો.

BHAVDIP VADHER (E-LEARNING)

19. આ પ્રક્રિયામાં પાચનમાર્ગનો કયો ભાગ સમાયેલ છે ? (1) ખોરાકનું શોષણ –............. (2) ખોરાકને ચાવવાની ક્રિયા -............. (3) બૅક્ટેરિયાને મારવાની ક્રિયા -............. (4) ખોરાકનું સંપૂર્ણ પાચન -........... (5) મળનિર્માણ -............

20. ટૂંક નોંધ લખો : અમીબામાં ખોરાકગ્રહણ અને પાચન

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : વિજ્ઞાન
Standard : ધોરણ 7
Chapter : 2

# ANSWERS

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 30

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો.** **(Marks - 3)**

1. કાર્બોદિત
2. ખોટા પગ
3. ગાય

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો.** **(Marks - 3)**

4. પાચન
5. રસાંકુરો
6. અમીબા

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો.** **(Marks - 3)**

7. ખોટું (False)
8. ખરું (True)
9. ખરું (True)

**Q - 1 (D) જોડકા જોડો.** **(Marks - 2)**

10. (1) -> (b), (2) -> (e), (3) ->(a).

**Q - 1 (E) નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 4)**

11. દાંતના ચાર પ્રકાર હોય છે : (1) દાઢ (2) અગ્રદાઢ (3) રાક્ષી (4) છેદક
12. જઠર
13. પિત્તરસ નાના આંતરડામાં આલ્કીય માધ્યમ પૂરું પાડે છે તથા ચરબીના પાચનમાં મદદરૂપ થાય છે.
14. પાચનતંત્રનાં સહાયક પાચન અંગો તરીકે સ્રાવી ગ્રંથિઓ જેવી કે લાળગ્રંથિ, યકૃત અને સ્વાદુપિંડ છે.

**Q - 2 નીચેના પ્રશ્નોનાં બે વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 6)**

15. અમીબા અને મનુષ્યના પાચનમાં સામ્યતા : બંને ખોરાક ગ્રહણ કરે છે, પાચકરસો દ્વારા ખોરાકનું પાચન કરે છે, પચેલા ખોરાકનું શોષણ કરે છે અને અપાચિત ખોરાકને શરીરમાંથી નિકાલ કરે છે.અમીબા અને મનુષ્યના પાચનમાં જુદાપણું : અમીબા એકકોષી પ્રાણી છે. તેને મનુષ્યની જેમ સુવિકસિત અને જુદાં જુદાં પાચન અંગો ધરાવતું પાચનતંત્ર નથી.
16. જઠર જાડી દીવાલવાળી સ્નાયુની કોથળી છે. તે ઉપરથી અન્નનળી સાથે અને નીચેથી નાના આંતરડા સાથે જોડાયેલું છે. તે અન્નમાર્ગનો સૌથી પહોળો ભાગ છે. તેની અંદર આડા, ઊભા અને ત્રાંસા સ્નાયુઓ આવેલાં છે. ખોરાક જ્યારે જઠરમાં હોય ત્યારે આ સ્નાયુઓના હલનચલનને લીધે ખોરાક વલોવાય છે. જઠરની અંદરની દીવાલ શ્લેષ્મ, હાઇડ્રોક્લોરિક ઍસિડ અને પાચકરસ(જઠરરસ)નો સ્રાવ કરે છે.
17. કેટલીકવાર આપણને જમ્યા પછી ઊલટી થાય છે, કારણ કે માં દ્વારા ગળેલો ખોરાક અન્નનળીમાં થઈને આગળ વધે છે. અન્નનળીની દીવાલના હલનચલનને કારણે ખોરાક આગળ વધે છે. આ હલનચલન આખા પાચનમાર્ગમાં જોવા મળે છે. જેથી ખોરાક નીચેની દિશામાં ધકેલાય છે. ક્યારેક આ ખોરાક સ્વીકારાતો નથી અને ઊલટી થઈ જાય છે.

**Q - 3 નીચેના પ્રશ્નોનાં સાત આઠ વાક્યમાં ઉત્તર આપો.** **(Marks - 9)**

BHAVDIP VADHER (E-LEARNING)

18. આપેલ પ્રાણીઓ : ગોકળગાય, કીડી, સમડી, હમિંગબર્ડ (પક્ષી) , જૂ, મચ્છર, પતંગિયું અને માખી.
પદ્ધતિ : આપેલ પ્રાણીઓ કયો ખોરાક લે છે અને તેમની ખોરાક લેવાની રીતનું બારીકાઈથી નિરીક્ષણ કરો અને તેની માહિતી નીચેના કોષ્ટકમાં લખો :

ખોરાક ગ્રહણ કરવાની વિવિધ પદ્ધતિઓ

| પ્રાણીનું નામ | ખોરાકનો પ્રકાર | ગ્રહણ કરવાનો પ્રકાર/પદ્ધતિ |
|---|---|---|
| ગોકળગાય | પર્ણ અને જીવજંતુ | ખેંચી લેવું |
| કીડી | ખોરાકના કણ, ગાળ્યા પદાર્થો | ચાવવું |
| સમડી | નાના પ્રાણીઓ, માછલી, ઉંદર | પકડવું અને ગળી જવું |
| હમિંગબર્ડ | ફૂલોનો રસ | ચૂસવું |
| જૂ | રુધિર | ચૂસવું |
| મચ્છર | રુધિર | ચૂસવું |
| પતંગિયુ | ફૂલોનો રસ | નળી વડે ખેંચી લેવું |
| માખી | ગાળ્યા અને ગંદા પદાર્થો | પલાળીને સૂંઢ વડે ચૂસવું |

નિર્ણય : વિવિધ પ્રાણીઓ વિવિધ ખોરાક ગ્રહણ કરે છે અને તેમની ખોરાક ગ્રહણ કરવાની પદ્ધતિઓ પણ વિવિધ હોય છે.

19. (1) નાનું આંતરડું (2) મુખગુહા (3) જઠર (4) નાનું આંતરડું (5) મોટું આંતરડું

20. અમીબા તળાવના પાણીમાં રહેતું સુક્ષ્મ એકકોષી સજીવ છે. તે કેટલાક સૂક્ષ્મ જીવોને ખોરાક તરીકે આરોગે છે. જ્યારે તેને ખોરાકનો આભાસ થાય ત્યારે તે આંગળી જેવા પ્રવર્ધો બહાર કાઢે છે. તેને ખોટા પગ કહે છે. તે તેના ખોટા પગને ખોરાકની ફરતે ફેલાવે છે અને ખોરાકને પોતાના કોષરસ દ્વારા અન્નધાનીમાં સમાવે છે. અન્નધાનીમાં પાચકરસો તે ખોરાક પર કાર્ય કરે છે અને તેને સરળ પદાર્થોમાં ફેરવે છે. આ રીતે તે ખોરાકનું પાચન કરે છે. ધીરે ધીરે પાચિત ખોરાક શોષણ પામે છે.

BHAVDIP VADHER (E LEARNING)